સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણામાં વસતો વાળંદ બંધુ શિક્ષિત, સંસ્કારી, સ્વાશ્રયી, સુખી અને શહેરી બને તે ધ્યેય દૃષ્ટિ સમક્ષ રાખીને કાર્યરત સંગઠન એટલે ગુજરાત વાળંદ સેવા સંઘ



# વાળંદ વિકાસ

દરેક અંગ્રેજી મહિનાની બીજી તારીખે પ્રસિદ્ધ થાય છે

વર્ષ : ૬૯ • અંક - ૫ • મે ૨૦૨૫ • છૂટક પ્રત રૂ. ૧૦/-

આદ્યતંત્રી : સ્વ. મોહનલાલ મુળજીભાઈ વાળંદ (મેજીસ્ટ્રેટ)


-: 'સંઘ'ના સંસ્થાપકો :-



સ્વ. મોહનલાલ વાળંદ



સ્વ. રેવાભાઈ નાયી



સ્વ. ગોરધનદાસ દલાલ




-: 'સંઘ'ના ઉધ્ધારકો :-



સ્વ. જ્યોતીન્દ્રભાઈ નાયી



સ્વ. શારદાબેન નાયી



સ્વ. કાંતિભાઈ નાયી

## નવીન બહુમાળી સમાજ ભવન

## સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાનરૂપી નવિન વિદ્યાર્થીગૃહ ઇમારતનું ભવ્ય નજરાણું

**સમાજ સંકલ્પ કરે છે. આ ગૌરવરૂપ પ્રોજેક્ટ આપ સર્વેના સાથ-સહકાર થકી સમાજમાં શૈક્ષણિક ક્રાંતિનું પ્રતિબિંબ બની રહેશે.**

બેંક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, ગુલબાઈ ટેકરા શાખા
બેંક ખાતા નં. ૧૦૦૨૯૮૪૧૨૧
IFSC : CBIN0281629
**શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ**
સ્થાપના ૨૦ એપ્રિલ, ૧૯૫૭,
પબ્લિક રજિ. નં. એ-૧૮૨૪

SHREE GUJARAT VALAND S
10787086@cbin
દાન જમા કરાવવા માટે ક્યુઆર કોડ

**નમ્ર અપીલ : સમાજનો કોઈ જ્ઞાતિબંધુ આ શૈક્ષણિક ભવનમાં યથાયોગ્ય દાન આપ્યા વિના ન રહી જાય તેવી વિનંતી.**
**નોંધ : આ પ્રોજેક્ટ માટે સંસ્થાને આપેલ દાન આવકવેરા ધારાની કલમ 80(G) હેઠળની જોગવાઈ મુજબ કરમુક્તિને પાત્ર છે.**

# BIO-DATA





| | | |
|---|---|---|
| Name | : | **Vinay Kamlesh Karelia** |
| Date of Birth | : | 13/12/1997 |
| Height | : | 06.00 Feet |
| Blood Group | : | RH O(+Ve) |
| Education | : | Schooling from Bharatiya Vidya Bhavans School, Bharuch. (Eng.Medium)<br>B.E. Chemical Engineetring from SRICT Bharuch.<br>Post Diploma in Industrial Safetyfrom Ankleshwar. |
| Service | : | Cleared G.P.S.C. Class 1/2 Exam and recently working as a State Tax Officer (GST),Finance Dept., Govt.of Gujarat. |
| Residential Address | : | B-604, Alakanandapark Society, Near Narayan Vidhya Vihar School, Bholav, Bharuch-392001. |

**Other Detail :**

| | | |
|---|---|---|
| Father | : | Kamlesh Ishwarlal Karelia (M.Sc. Chemistry from School of Sciences, Gujarat Uni. A'bad) Retired-Senior Scientific Officer, Gujarat Pollution Control Board, |
| Mobile No. | : | 9998792639 |
| Native Place | : | Dhrangadhra,Dist.Surendranagar. |
| Mother | : | Nila Kamlesh Karelia (B.A. & M.Ed.- House Wife) |
| Sister | : | Nikita Karelia(Elder - Married) B.E. Environment Engineering (Gold Medalist) & M.E.-Environmen Eng.<br>Deputy Manager (E.S.G.),Aarti Industries Ltd.,Vadodara . |
| Maternal Side | : | Nana-Vallabhbhai V. Jotangia (Advocate Guj.High Court) residing at Rajkot. |
| Mama | : | Rajendra V. Jotangia (Retd. I.P.S./I.G.P.) residing at Ahmedabad. |

# ગુજરાત વાળંદ સેવા સંઘ

(પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ૧૮૨૪)

**: પ્રમુખ :**

**શ્રી વિપુલભાઈ વી. દલાલ (ટ્રસ્ટી)**
મો. ૯૮૨૪૫૨૫૨૪૪, વોટ્સેપ નં. +1 (678) 677-0003

**: મંત્રી :**

**શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય (ટ્રસ્ટી)**
મો. ૭૪૦૫૮૨૮૯૫૫

**: ઉપપ્રમુખ :**

શ્રી પંકજભાઈ કે. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૦૯૮૮૮૭

શ્રી સંજયભાઈ ચંદુલાલ પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૯૦૯૦૦૧૯૭૦

**: સહમંત્રી :**

શ્રી વિજયભાઈ મણીલાલ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૩૦૫૩૬૨

**: કોષાધ્યક્ષ :**

શ્રી નરોત્તમભાઈ હેમાભાઈ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૯૮૯૫૯૩૦૫

**: અન્વેષક :**

શ્રી મૌલિકભાઈ ભરતભાઈ પારેખ (સી.એ.)
મો. ૯૬૩૮૧૮૦૦૦૭

**: ટ્રસ્ટીશ્રીઓ :**

શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ બાવરિયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૬૩૪૨૫૬

શ્રી વિજયભાઈ ધીરુભાઈ બગથરીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૮૯૦૦૧

શ્રી મહેશભાઈ પ્રવીણભાઈ જોટંગીયા (ટ્રસ્ટી)
મો. ૮૩૪૭૩૮૮૮૮૮

શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૭૭૬૯૦૦

શ્રી અલ્પેશભાઈ મધુસુદન લિમ્બાચીયા (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૧૧૧૨૯૫

શ્રી દેવેન્દ્રભાઈ લલિતચંદ્ર કોન્ટ્રાક્ટર (ટ્રસ્ટી)
મો. ૯૮૭૯૬૯૬૮૬૯

શ્રી અરવિંદભાઈ એસ. દમણી (ટ્રસ્ટી)
મો. ૯૩૭૭૫૬૦૮૪૨

શ્રી મયુરધ્વજ કે. લિમ્બાચિયા (ટ્રસ્ટી)
મો. ૯૪૨૬૩૬૭૦૭૭

શ્રી એસ. બી. પારેખ (ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૯૭૫૨૩૬

શ્રી સુરેશભાઈ જે. શર્મા (દાતા ટ્રસ્ટી)
(અમદાવાદ)

શ્રી રમેશચંદ્ર પી. લિમ્બાચીયા (ટ્રસ્ટી)
(પાટણ)

શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી)
(પાલ્લા)

શ્રી શ્રી ધર્મેન્દ્રભાઈ છનાલાલ નાયી (ટ્રસ્ટી)
મો. ૯૭૨૬૬૭૫૦૪૦

શ્રી યોગેશભાઈ નારણભાઈ પારેખ (દાતા ટ્રસ્ટી)
મો. ૯૮૨૫૦૨૧૯૦૩

**: બિલ્ડીંગ પ્રોજેક્ટ કમિટિ (ઈજનેરી પાંખ) :**

**પ્રોજેક્ટ ચેરમેન :** શ્રી કાળીદાસ કે. પારેખ, (ટ્રસ્ટી)
મો. ૯૯૨૫૬૦૪૪૪૩

**પ્રોજેક્ટ વા. ચેરમેન :** શ્રી ગોપાલભાઈ કે. વાળંદ, (ટ્રસ્ટી)

શ્રી હર્ષદભાઈ નાથાભાઈ પારેખ (ટ્રસ્ટી)
શ્રી અરવિંદભાઈ જે. શર્મા (યુએસએ)
શ્રી હરિભાઈ કાનજીભાઈ લિમ્બાચીયા (ટ્રસ્ટી)
શ્રી મુકેશભાઈ પી. નાયી (ટ્રસ્ટી)
શ્રી સંજયભાઈ સી. પારેખ (ટ્રસ્ટી)
શ્રી મહેશભાઈ જોટંગિયા (ટ્રસ્ટી)
શ્રી કિરીટકુમાર એમ. ભટ્ટી
શ્રી દિલીપભાઈ જે. વાઘેલા
શ્રી હસમુખભાઈ આર. પારેખ

**: હિસાબી-વહિવટી પાંખ :**

શ્રી વિપુલભાઈ વી. દલાલ
શ્રી ભાનુભાઈ એન. વૈદ્ય
શ્રી નરોત્તમભાઈ એચ. નાયી

**: એડવાઈઝરી કમિટિ :**

શ્રી શરદભાઈ જે. શર્મા (વિજાપુર)
શ્રી અશોકભાઈ એ. વૈદ્ય (મહેસાણા)
શ્રી પ્રકાશચંદ્ર એન. વૈદ (હિંમતનગર)
શ્રી રમેશભાઈ એસ. વાળંદ
શ્રી ધીરજભાઈ અમરતલાલ લિંબાચીયા
શ્રી પ્રવિણભાઈ શર્મા
શ્રી ભભૂતમલ જવાનજી સેન
શ્રી સોમાભાઈ ખુશાલદાસ લિંબાચીયા (ઉનાવા)
શ્રી કમલેશકુમાર રમણલાલ શર્મા (ઈસનપુર)
શ્રી દિપેશભાઈ મનુભાઈ શર્મા (માણસા)

**: પ્રચાર-પ્રસાર કમિટિ :**

શ્રી રાજેશભાઈ વાજા, સેનબંધુ સમાજ (સુરત)
શ્રી દામજીભાઈ ગોંડલિયા, સેનમિત્ર (રાજકોટ)
શ્રી વિપુલભાઈ વાળંદ સમાચાર (ભાવનગર)
શ્રી રમણભાઈ જી. લિમ્બાચીયા (અમદાવાદ)
શ્રી શૈલેશભાઈ એન. નાયી (દિયોદર)

# વાળંદ વિકાસ

Email : valandvikas@valandsevasangh.org

| | | |
|---|---|---|
| તંત્રી | : | **શ્રી અરવિંદભાઈ એસ. વૈદ્ય** |
| | | મો : ૭૮૭૪૮૬૯૨૪૭ |
| પ્રકાશક | : | **શ્રી બાલુભાઈ બી. પારેખ** |
| | | મો. : ૯૪૨૮૫૦૩૨૯૧ |
| સહતંત્રી | : | **શ્રી બી. ટી. નાયી (ટ્રસ્ટી) (પાલ્લા)** |
| | | મો. : ૯૪૨૬૩૯૧૩૦૨ |
| સંપાદક | : | **શ્રી શંકરલાલ એમ. ભાટીયા** |
| | | મો. : ૯૪૨૬૦૮૫૪૮૮ |

| વાર્ષિક લવાજમ | આજીવન લવાજમ |
|---|---|
| દેશમાં રૂા. ૧૫૦/- | દેશમાં રૂા.૧૫૦૦/- |
| પરદેશમાં રૂા. ૧૫૦૦/- | પરદેશમાં રૂા.૧૫૦૦૦/- |

૧. વાળંદ વિકાસ એ જ્ઞાતિના વાચકોને વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડતું પ્રિન્ટ મીડિયાનું માધ્યમ છે. તેમાં પ્રસિદ્ધિ પામતું લખાણ સંસ્થાના રેકર્ડમાં જરૂરી રહે છે. જેથી વા.વિ.ને છાપવા માટે લખાણ મોકલનારે ફુલસ્કેપ કાગળ પર ટાઈપ કરી અથવા સારા અક્ષરે પોતાના નામ-સંપર્ક નંબર સહિત લખી કાર્યાલયના સરનામે મોકલી આપવું. બહુ જરૂરી હોય તો લખાણનો ફોટો પાડી વૉટ્સએપથી તંત્રીને મોકલવું. આ સિવાય પોતાના મોબાઈલ પર ટાઈપ કરેલું કે ફોરવર્ડેડ મેસેજ સ્વરૂપનું લખાણ મોકલવું નહિ. આવું લખાણ વાળંદ વિકાસમાં છાપી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.

૨. વાળંદ વિકાસમાં પ્રસિદ્ધિ માટે આવતું મેટર, લેખ, બહુવિધ સુરુચિ જળવાય તેની યોગ્યતા ચકાસી ઉપલબ્ધ રહેતી જગ્યા અનુસાર સમાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૩. વાળંદ વિકાસના લવાજમ, સરનામાં ફેરફાર, અંક ન મળ્યો હોવાની રજુઆત **કાર્યાલયના મેનેજર શ્રી ડાહ્યાભાઈ લિમ્બાચીયાનો સંપર્ક તેમના મો. ૯૫૧૦૦૮૩૩૨૬ પર અથવા સંપાદક શ્રી શંકરલાલ ભાટીયા મો. ૯૪૨૬૦૮૫૪૮૮ પર જાણ કરવી.** જે ચકાસણી કરી હકીકત જણાવશે. વ્યાજબી અને પૂરતા અગત્યના કારણો સિવાય તંત્રી-પ્રકાશકને સીધી રજુઆત નહિ કરવા નમ્ર વિનંતી છે.

૪. વાળંદ વિકાસનું લવાજમ કે તેમાં પ્રસિદ્ધ થતા બાયોડેટા, શ્રદ્ધાંજલિ, જ્ઞાતિ-ગૌરવ વિગેરે માટેના દરનાં નાણાં 'વાળંદ વિકાસ'ના નામે એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી શકાય છે અથવા નીચેની બેંકની વિગતો મુજબ બેંક ખાતામાં સીધેસીધાં ભરી શકાશે. નાણાં સીધેસીધાં જમા કરાવવાના કિસ્સામાં જમા રસીદની ઝેરોક્ષ નકલ કાર્યલયમાં તુર્તજ મોકલી આપવાની રહેશે.

| | | |
|---|---|---|
| બેંકનું નામ | : | **બેંક ઓફ ઇન્ડિયા** |
| શાખા | : | પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬ |
| બેંક એકાઉન્ટ નં. | : | 200110100010827 |
| ખાતાનું નામ | : | વાળંદ વિકાસ |
| IFSC Code | : | BKID0002001 |
| MICR Code | : | 380013040 |

**-: કાર્યાલય :-**

**ગુજરાત વાળંદ સેવા સંઘ,** C/o. સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કેમ્પસ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ફોન : ૦૭૯-૨૬૩૦૩૦૨૮

www.valandsevasangh.org

Email : valandsevasangh@gmail.com


## સુભાષિત

**अंगं गलितं पलितं मुण्डं दशन विहीनं जातं तुण्डम् ।**
**वृद्धो याति गृहीत्वा दण्डं तदपि न मुस्चत्याशा पिण्डम् ॥**

**વૃદ્ધાવસ્થામાં અંગો ગળી જાય છે (ઢીલા અથવા નિષ્ક્રિય થઈ જાય છે) માથાના વાળ ખરી પડે છે (અથવા સફેદ થઈ જાય છે) દાંત પડી જાય છે ત્યારે વૃદ્ધ પુરુષ લાકડી લઈને ચાલે છે તેમ છતાં તે જીવનની આશાઓ - તૃષ્ણાઓ છોડતો નથી.**

**– શંકરાચાર્ય**

મહાભારતમાં તૃષ્ણાની અમરતા વિશે આદિ પર્વમાં વ્યાસજીએ કહ્યું છે 'રત્નોથી ભરેલી આખી પૃથ્વી, વિશ્વનું આખું સુવર્ણ, અનેક પશુઓ અને રમણીઓ કોઈ માણસને મળી જાય તો પણ તે બધું તેને માટે પૂરતું નહીં હોય. તે તેનાથી પણ વધુ પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવશે.' એમ સમજીને શાન્તિ તથા સંતોષ ધારણ કરીને માણસે ભોગેચ્છા છોડી દેવી જોઈએ. શંકરાચાર્યે પણ આશા-તૃષ્ણા માટે કહ્યું છે કે ઘડપણ આવતાં વાળ સફેદ થાય છે. દાંત જીર્ણ થાય છે. કાન નબળા પડે છે પરંતુ આશા-તૃષ્ણા જીર્ણ થતી નથી.

માણસ ધન-દોલત, ઐશ્વર્ય, કામતૃપ્તિ, સત્તા, પ્રતિષ્ઠા, નામના, માન-સન્માન વગેરે જેવી અનેકવિધ તૃષ્ણાઓ પ્રત્યે આસક્ત હોય છે. માણસની ઉંમર વધવા સાથે તૃષ્ણાઓ પણ વધતી જતી હોય છે. તૃષ્ણા માણસના સદ્ગુણોની દુશ્મન છે. તૃષ્ણા માણસની અમીરી છીનવી તેને ગરીબ બનાવે છે. કવિ ગિરિધરરાય તૃષ્ણાની સરખામણી નાગણ સાથે કરતાં કહે છે

કહે ગિરિધર કવિરાય, નાગિણી હૈ યહ તૃષ્ણા,
જિસકે અંદર બસૈ, તિસીકો ડસે હૈ તૃષ્ણા.

ભગવાન બુદ્ધે પણ તૃષ્ણાને દુઃખનું કારણ માની છે. વાસના એ પ્રચંડતમ્ અગ્નિ છે જે માણસને બાળે છે. દુઃખનું ઉદ્ગમસ્થાન જ તૃષ્ણા છે. કામ, વાસના અને જિજીવિષા તથા સુખની કામના માણસને ઠરવા દેતી નથી. તૃષ્ણાની તૃપ્તિ માટેની ઘેલછા માણસની બુદ્ધિને ભ્રષ્ટ કરે છે અને તે વિવેકશૂન્ય એટલે કે સારા નરસાનો ભેદ વિસરી જાય છે જેનું પરિણામ પતન હોય છે. તૃષ્ણાઓ વધારવી એટલે જીવનને દુઃખી બનાવવાનો પરવાનો આપવો. તૃષ્ણા

(અનુસંધાન પેજ નં. ૯ પર)



## પ્રમુખશ્રીની કલમે

મારા વ્હાલા જ્ઞાતિજનો, ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સમાજના સર્વ દિલેર દાતાશ્રીઓ, વિદેશમાં વસતા આપણા સર્વે સ્નેહીજનો તથા આપણા સમાજભવનના નવા પ્રોજેક્ટ માટે સંવેદનશીલ તમામ હિતેચ્છુઓને દિલથી આવકારું છું. તેમને પ્રણામ કરું છું.

ચાલુ શૈક્ષણિક વર્ષના ધોરણ-૧૨ના સાયન્સ અને સામાન્ય પ્રવાહના પરિણામ ટૂંક સમયમાં આવનાર છે. તથા કોલેજના ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા સર્ટીફિકેટ કોર્સની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. જેમાંના પરિણામ પણ જૂન જુલાઈ માસમાં આવનાર છે. મારા વ્હાલા સર્વે વિદ્યાર્થીઓની સફળતા ઇચ્છું છું. ધોરણ ૧૨ પછી વિદ્યાર્થીઓની ઉચ્ચ અભ્યાસક્રમના દ્વાર ખુલ્લા થાય છે. તેમની યોગ્યતા મુજબ તેમની પસંદગીની ફેકલ્ટીમાં એડમીશન મેળવશે. અને પોતાની કારકિર્દીનું પ્રથમ પગથીયું સંપન્ન કરશે. મારા સમાજના બધા જ વિદ્યાર્થીઓ પોતાની ઊંચી કારકિર્દી બનાવે તેવી શુભેચ્છા પાઠવું છું.

આપ સૌ જાણો છો કે અમદાવાદ શહેર આજે ઊંચી શૈક્ષણિક કારકીર્દિનું એક મોટું હબ છે. જેમાં રાજ્ય કક્ષાથી રાષ્ટ્રીય કક્ષાના અને આંતરરાષ્ટ્રીય કક્ષાનો કોલેજો, ઇન્સ્ટિટ્યૂટ અને ભવનો આવેલ છે. આપણા વિદ્યાર્થીઓ આવી સંસ્થામાં એડમીશન મેળવે તેવી અપેક્ષા રાખું છું.

નવા શૈક્ષણિક સત્રમાં અમદાવાદ આવતા આપણા સમાજના વિદ્યાર્થીઓને આર્થિક રીતે પોષાય તે માટે ગુજરાત વાળંદ સેવા સંઘ અમદાવાદ ગુલબાઈ ટેકરા ખાતે એક અદ્યતન વિદ્યાર્થી ભવન તૈયાર કરી રહેલ છે. જેમાં વિદ્યાર્થીઓ સામાન્ય દરે રહી અદ્યતન સગવડો ભોગવી શકે તે માટે આ સંસ્થા પ્રતિબદ્ધ છે. હાલ સંસ્થાના ભોંયરું, બે બેન્ક્વેટ હોલ તથા ત્રણ માળનું બાંધકામ પૂરું થવામાં છે. બીજા ત્રણ માળ વિદ્યાર્થી ભવન માટે છે. જે બીજા સત્ર સુધીમાં પૂરું કરવાનું નિરધારેલ છે. પરંતુ આ માટે સમાજના હર કોઈ પરિવાર તથા સક્ષમ દાતાઓ પાસેથી મોટા દાનની અપેક્ષા રાખવામાં આવે છે. આ માટે સંસ્થાએ દાતાના નામાંકન માટે નીચે મુજબની વ્યવસ્થા કરેલ છે.

| વિગત | નામાંકન માટે દાનની રકમ રૂપિયા |
|---|---|
| (૧) ગ્રાઉન્ડ ફ્લોર-ડાયનીંગ હોલ | ૫૧,૦૦,૦૦૦/- |
| (૨) પ્રથમ માળ મેરેજ હોલ | ૫૧,૦૦,૦૦૦/- |
| (૩) બીજો માળ નામકરણ માટે | ૭૫,૦૦,૦૦૦/- |
| છ રૂમ રૂમ દીઠ | ૫,૫૧,૦૦૦/- |
| બોર્ડ રૂમ | ૧૧,૦૦,૦૦૦/- |
| સેમીનાર હોલ | ૧૧,૦૦,૦૦૦/- |
| ટ્રસ્ટી રૂમ | ૭,.૫૧,૦૦૦/- |
| કાર્યાલય | ૫,૦૦,૦૦૦/- |
| સર્વિસ પેન્ટ્રી રૂમ | ૫,૦૦,૦૦૦/- |
| (૪) ત્રીજો માળ | ૫૧,૦૦,૦૦૦/- |
| ગૃહપતિ રેસીડન્ટ | ૫,૦૦,૦૦૦/- |
| સ્ટોર - ૧ | ૨,૫૧,૦૦૦/- |
| સ્ટોર - ૨ | ૨,૫૧,૦૦૦/- |
| રસોડું | ૩૧,૦૦,૦૦૦/- |
| લાયબ્રેરી | ૨૧,૦૦,૦૦૦/- |
| મોનીટરીંગ રૂમ | ૫,૦૦,૦૦૦/- |
| (૫) ચોથો, પાંચમો અને છઠ્ઠો માળ | ૫૧,૦૦,૦૦૦/- |
| દરેક માળ દીઠ ૧૬ રૂમ | |
| કુલ રૂમ - ૪૮ - રૂમ દીઠ | ૫,૫૧,૦૦૦/- |
| (૬) અન્ય સુવિધાઓ | |
| લીફ્ટ - ૪ લીફ્ટ દીઠ | ૧૫,૦૦,૦૦૦/- |
| વોટર કુલર | ૩,૫૧,૦૦૦/- |
| સી.સી.ટી.વી. કેમેરા | ૩,૫૧,૦૦૦/- |
| એ.સી. ૫૦ નંગ એ.સી. દીઠ | ૫૦,૦૦૦/- |
| ફાયર સીસ્ટમ | ૧૧,૦૦,૦૦૦/- |
| સોલર સીસ્ટમ | ૮,૦૦,૦૦૦/- |

સંસ્થા ગુજરાત વાળંદ સેવા સંઘ સંચાલિત એ નામ હેઠળ વિદ્યાર્થીભવન, સાંસ્કૃતિક હૉલ, ડાયનીંગ હૉલ, વાળંદ વિકાસ પ્રકાશન વગેરે કામ કરશે. આ માટે જે તે દાતાઓ/સમાજ પાસેથી વિશેષ દાનની અપેક્ષા રાખવામાં

આવે છે. હું માનું છું કે આ વિશેષ દાન સમય મર્યાદામાં જાહેર થશે તેવી આશા રાખું છું. આજ સુધી પાંચ લાખ એકાવન હજાર થી એંસી લાખ સુધીના દાતાઓના નામ જાહેર થયેલ છે.

હજુ ઉપર જણાવ્યા પ્રમાણેના નામાંકન માટે ઘણા બધા દાતાઓની જરૂર છે. હું આશા રાખું છું કે આ વર્ષની દિવાળી સુધીમાં બધાજ દાતાઓના નામાંકન થઈ જશે તેવી પ્રભુને પ્રાર્થના કરું છું. મારા સમાજના મારા વિદ્યાર્થીઓ વહેલી તકે આ ભવનનો ઉપયોગ કરતા થાય તે એક મારી અપેક્ષા છે. સૌનો સહકાર મળી રહેશે તેવી આશા રાખું છું. અસ્તુ.

**આપનો**
**વિપુલ વી. દલાલ**
**પ્રમુખ, ગુજરાત વાળંદ સેવા સંઘ**

## આપણા સમાજના પ્રતિભાશાળી ઉદ્યોગપતિ અને દિલેર દાતાશ્રી

આઈ વેર સપ્લાય ચેઈન સર્વીસીસ લીમીટેડ, હેડ ઓફિસ, પ્રહલાદનગર રોડ, અમદાવાદ ખાતે આવેલ છે તથા તેનું કાર્યક્ષેત્ર સ્થળ ગાંધીધામ (કચ્છભૂજ) ખાતે આવેલ છે. જે આપણા સમાજના ઉદ્યોગપતિ કિશનલાલ તંવર છે જ્યારે તેમની દિકરી ટ્વિંકલ તંવર કંપનીની સી.ઈ.ઓ. છે. આ કંપનીએ થોડાક જ સમયમાં પ્રગતિ કરી NSE સેબીમાં લીસ્ટેડ થયેલ છે તથા ટૂંક સમયમાં IPO બહાર પાડનાર છે. ગુજરાત વાળંદ સેવા સંઘ કંપની ઉત્તરોત્તર પ્રગતિ કરે તે માટે શુભેચ્છા પાઠવે છે.

આ કંપનીએ તાજેતરમાં તા. ૩૦-૩-૨૦૨૫ના રોજ ગુજરાત વાળંદ સેવા સંઘના આપણા ૧૧ માળના વિદ્યાર્થીગૃહ માટે સામેથી રૂા. ૫,૩૨,૮૮૦/- અંકે રૂપિયા પાંચ લાખ બત્રીસ હજાર આઠસો એંસી પુરા દાનભેટ તરીકે મોકલી આપેલ છે. તેમાંથી એ દાન માટે સંસ્થાના CSR સર્ટીફિકેટ્‌ની માંગણી કરી હતી જે અન્વયે સંસ્થાનું CSR રજીસ્ટ્રેશન નં. CSR00072126 કંપનીને મોકલી આપવામાં આવેલ છે. આપણા સમાજની આ એક ઔદ્યોગિક કંપનીની સરાહના કરીએ છીએ તથા તેની પ્રગતિ માટે શુભેચ્છા પાઠવીએ છીએ.

આપણા સમાજની કોર્પોરેટ કંપનીઓ, પબ્લીક લિમીટેડ કંપનીઓ તથા પ્રાઈવેટ લિમીટેડ કંપનીઓ તેમના CSR ફંડમાંથી આ સંસ્થાના વિદ્યાર્થી ભવન માટે યોગ્ય દાન આપે/અપાવે તે માટે વિનંતી કરવામાં આવે છે. આ અંગેની વિગતે માહિતી આ અંકના પ્રમુખશ્રીની કલમે લેખમાં આપવામાં આવેલ છે. આથી આપની કંપનીના નામાંકન માટે જણાવેલ વિગતમાંથી યોગ્ય દાન આપી આપનું નામ આજીવન કરાવવા વિનંતી છે.

આપના

| **ભાનુભાઈ વૈદ્ય** | **નરોત્તમભાઈ નાયી** |
|---|---|
| મંત્રી | ખજાનચી |
| મો. ૭૪૦૫૮૨૮૯૫૫ | મો. ૯૮૯૮૯૫૯૩૦૫ |

**ગુજરાત વાળંદ સેવા સંઘ, અમદાવાદ**

## ગુજરાત વાળંદ સેવા સંઘના નવિન બિલ્ડીંગ માટે એપ્રિલ-૨૦૨૫ માસમાં

## જમા થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૫૦,૦૦૦/- | શ્રી મહેશકુમાર સી. રાજન |
| ૧૧,૦૦૦/- | શ્રી શંભુભાઈ ડાહ્યાભાઈ પારેખ |
| ૫,૧૦૦/- | શ્રી ભાવેશભાઈ બાબુભાઈ લીમ્બાચીયા |
| ૧૦,૦૦૦/- | શ્રી દિનાનાથ જી. શર્મા, પ્રોફેસર |
| ૧૧,૦૦૦/- | શ્રી મહેન્દ્રભાઈ હરિભાઈ પરાડીયા |
| ૫,૧૫૧/- | શ્રી નરભેરામ મોહનભાઈ નાયી |
| ૧૧,૧૧૧/- | શ્રી જે. પી. નાઈ, ગાંધીનગર |
| ૫૧,૦૦૦/- | શ્રી કિરીટભાઈ ભટ્ટી |
| ૧,૦૦,૦૦૦/- | સ્વામી વિવેકાનંદ ગૃપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ |
| ૫૦,૦૦૦/- | શ્રી રસિકભાઈ જયંતિભાઈ ગોંડલિયા, અમદાવાદ |
| ૫૧,૦૦૦/- | શ્રી ચેતનભાઈ ગિરીશભાઈ લિમ્બાચીયા, વડોદરા |
| ૧૧,૦૦૦/- | શ્રી શંભુભાઈ ડાહ્યાભાઈ, બારેજા |
| ૧૧,૧૧૧/- | શ્રી છોટાલાલ હરગોવનદાસ નાયી, ગાંધીનગર |
| ૫,૫૫૦/- | શ્રી જશુભાઈ એન. નાયી, ગાંધીનગર |
| ૫,૧૦૦/- | શ્રી રમેશભાઈ ખરચરીયા, જૂનાગઢ |
| ૧૧,૦૦૧/- | શ્રી સાગરભાઈ પટેલ, અગરબત્તીવાળા, નવા નરોડા |
| ૧૧,૧૧૧/- | શ્રી નિલેશભાઈ અંબાલાલ લિમ્બાચીયા, વાલમ |

૫,૩૨,૮૮૦/- આઈવેર સપ્લાય ચેન્જ સર્વિસીસ લીમીટેડ, અમદાવાદ
૫૧,૦૦૦/- સ્વ. શંભુભાઈ ખોડીદાસ લિમ્બાચીયા હસમુખભાઈ શંભુભાઈ લિમ્બાચીયા, ટુંડાવ
૫૧,૦૦૦/- સ્વ. રમીલાબેન હસમુખભાઈ લિમ્બાચીયા હસ્તે હસમુખભાઈ શંભુભાઈ લિમ્બાચીયા, ટુંડાવ
૧૧,૦૦૦/- શ્રી જગદીશકુમાર કેશવલાલ પારેખ, બિલિયા
૫,૫૫૦/- નાયી મુકેશકુમાર ચીમનલાલ (માસ્તર) ગામ સિપોર, હાલ પાટણ, હસ્તે કોકિલાબેન મુકેશભાઈ નાયી

## જાહેર થયેલ દાનની યાદી

| રૂપિયામાં | નામ |
|---|---|
| ૭૫,૦૦,૦૦૦/- | શ્રી જયેશભાઈ નાથાભાઈ વાજા, વડોદરા |
| ૫,૫૧,૦૦૦/- | શ્રી ધાંધાર પાલનપુર નાયી સમાજ તરફથી, પાલનપુર |
| ૨૫,૦૦૦/- | શ્રી શ્યામલભાઈ નાયી, નવા નરોડા |



શ્રી જયેશભાઈ નાથાલાલ વાજા
વડોદરા, ભામાશા
૭૫,૦૦,૦૦૦/- પંચોતેર લાખ રૂપિયા દાન જાહેર કરેલ છે

| | |
|---|---|
| ૨૫,૦૦૦/- | શ્રી દિનાનાથ જી. શર્મા, પ્રોફેસર, અમદાવાદ |
| ૧૧,૧૧૧/- | શ્રી નરેશભાઈ પાલૈયા, ગાંધીનગર |
| ૧૧,૧૧૧/- | શ્રી બાબુભાઈ સાંકળચંદ નાયી, મુંબઈ |
| ૫,૫૧,૦૦૦/- | શ્રી રમેશભાઈ વાળંદ, કુડાસણ, ગાંધીનગર |
| ૧,૦૦,૦૦૦/- | શ્રી જીવનલાલ જીવાભાઈ, પ્રમુખ ચુંવાળ સમાજ |
| ૨૫,૦૦૦/- | શ્રી રમેશચંદ્ર શંકરભાઈ પાટણવાડા પરગણા નાઈ સમાજ |

માનવંતા દાતાશ્રી તથા દાન માટે પ્રેરણારૂપ બનનાર સહુનો ગુ. વા. સેવા સંઘ આભાર વ્યક્ત કરે છે.

સંકલન : ભાનુભાઈ એન. વૈદ્ય,
મંત્રી, ગુજરાત વાળંદ સેવા સંઘ

## TRUST E-MAIL ADDRESS

| No. | Name | E-mail |
|---|---|---|
| 1. | VIPUL VASANTBHAI DALAL | vvdalal@yahoo.com |
| 2. | KALIDAS PAREKH | kalidasparekh@yahoo.in |
| 3. | SANJAYBHAI PAREKH | sanjayparekh300@gmail.com |
| 4. | SHIVRAMBHAI B. PAREKH | bhumikatravel@gmail.com |
| 5. | MAHENDRABHAI BAVARIA | mrbpri13@gmail.com |
| 6. | YOGESH PAREKH, KHAMBHAT | yogesh_shiv2005@yahoo.com |
| 7. | HARSHADBHAI PAREKH | harshadbhaiparekh798@gmail.com |
| 8. | SURESH JIVANLAL SHARMA | suresh.jivanlal@gmail.com |
| 9. | DEVENDRA CONTRACTOR | devendratoolcraft@gmail.com |
| 10. | NAROTTAMBHAI NAI | nhnai@254 gmail.com |
| 11. | VIJAY LIMBACHIYA | vijaylimbachiya0715@gmail.com |
| 12. | MAYUR KALIDAS LIAMBACHIYA | mayurdhvajlimbachiya471@gmail.com |
| 13. | GOPAL VALAND | kush31gopal@gmail.com |
| 14. | DHARMENDRA C. NAYEE | dcn1478@gmail.com |
| 15. | PANKAJBHAI K. NAYEE | pnayee48@gmail.com |
| 16. | RAMESHCHANDRA LIMBACHIA | rameshchandralimbachiya@gmail.com |
| 17. | PRABHUDAS –NANUBHAI VAIDYA | prabhudasvaidya@gmail.com |
| 18. | VIJAY BAGHTHARIA | vbagatharia@gmail.com |
| 19. | ARVINDBHAI S. DAMANI | arvendk74@gmail.com |
| 20. | HARIBHAI KANJIBHAI LIMBACHIYA | haribhai41263@gmail.com |
| 21. | MAHESHBHAI P. JOTANGIYA | maheshpj1978@gmail.com |
| 22. | BABUBHAI T. NAI | |

## તંત્રીશ્રીની કલમે...

### મન

હિન્દી ફિલ્મ કાજલનું લોકપ્રિય અને પ્રેરણાદાયી ગીત છે

**તોરા મન દરપન કહેલાયે રે તોરા મન દરપન કહેલાયે**
**ભલે બૂરે સારે કરમો કો દેખે ઔર દિખાયે તોરા મન...**
**મન હી દેવતા મન હી ઈશ્વર મનસે બડા ન કોઈ**
**મન ઉજિયારા જબ જબ ફૈલે જગ ઊજિયારા હોય**
**ઈસ ઉજલે દરપન પર જાની મૈલ ન જમને પાયે... તોરા મન...**

મનની મહત્તા પ્રાચીન સમયથી આપણને સમજાવવામાં આવે છે. આપણે જે પણ કંઈ સારા-નરસા કર્મ કરીએ છીએ તેની પાછળ કારણરૂપ મન છે. મનની ગતિ અકળ છે. કારણ કે તે ખૂબ જ ચંચળ છે. મન ક્યારેક ઉદાસ થઈ જાય છે તો ક્યારેક આનંદના અતિરેકમાં ઝૂમી ઉઠે છે.

અમૃતબિંદું ઉપનિષદમાં (૬/૩૪) કહ્યું છે કે

**મન એવં મનુષ્યાણામ્ કારણં બંધ મોક્ષયોઃ ।**
**બંધાય વિષયાસક્તમ્ મુક્ત નિર્વિષમ્ સ્મૃતમ્ ॥**

મન એજ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે. વિષયાસક્ત મન બંધનનું કારણ કહેવાયું છે અને નિર્વિષય મન મોક્ષનું. કોઈ તત્ત્વવેત્તાએ સાચું કહ્યું છે કે

**પઢના લિખના ચાતુરી યે સબ સહેલી બાત,**
**કામ દહન મન વશ કરન ગગન ચઢન મુશકિલ.**

અંગ્રેજીમાં પણ કહ્યું છે કે Your mind is your greatest friend, if you control it. But your mind is your greatest enemy if it controls you.

આપણે શરીરને સ્વસ્થ તથા નિરોગી રાખવા તેની કેળવણીનો ઘણો વિચાર તથા અભ્યાસ કરીએ છીએ. એ માટે વ્યાયામ, કસરત, પ્રાણાયામ, યોગસાધનાથી માંડી પૌષ્ટિક આહારનો અભ્યાસ કરીએ છીએ. બુદ્ધિની કેળવણીનો પણ અહર્નિશ વિચાર તથા અભ્યાસ કરીએ છીએ. કયા કયા અભ્યાસથી ઉચ્ચ ડિગ્રીઓ પ્રાપ્ત થાય, સારી નોકરી મળે અથવા સારા ધંધામાં જોડાઈએ. નોકરીમાં તરક્કી થાય તથા ધંધાનો વિકાસ થાય આ માટે બુદ્ધિને કેળવીએ છીએ. પરંતુ મનની કેળવણીને એ ભૂલી જાય છે. જે મન એના જીવનનું ચાલક બળછે. આથી જ માણસે રાત્રે સૂતા પહેલાં પોતાના મનની સાથે નિરાંતે વાત કરવી જોઈએ. મનની કિતાબ ખોલીને દિવસની બનેલી ઘટનાઓમાં એના મનનું વર્ણન કેવું હતું અને એના કારણે શું પરિણામ આવ્યું એનો વિચાર કરવો જોઈએ અને ભવિષ્યમાં પોતાના વર્તનમાં સુધારો લાવવો જોઈએ. જેમ કોઈ ઘોડાને કેળવવામાં આવે છે તેમ માણસે એના તોફાની ઘોડા જેવા મનને કેળવવું જોઈએ કારણ કે આ મન જ સુખ અને દુઃખનું કારણ છે. બીજા અર્થમાં કહીએ તો આ મન જ તમારા જીવનમાં સ્વર્ગ અથવા નરક સર્જી શકે છે.

સઘળી ઇન્દ્રિયોના પ્રવર્તનમાં પણ મન જ કારણભૂત છે. મન જ બધી ઇન્દ્રિયોને નચાવે છે. જો મનમાં વૃત્તિઓ, વિકારો, વાસનઓ હશે તો એ મનમાં ક્યારેય પરમાત્માનો પ્રવેશ થઈ શકશે નહિ. મન નિર્મળ અને પવિત્ર હશે તથા અંતઃકરણ શુદ્ધ હશે તો જ એમાં પરમાત્માનો વાસ થશે. માનવી એના મનનું આંગણું ચોખ્ખું રાખે તો જ એને આંગણે પરમાત્મા પ્રવેશશે. રામકૃષ્ણ પરમહંસે કહ્યું છે કે મનનો બધો જ મેલ ધોવાઈ જાય ત્યારે જ ઈશ્વરના દર્શન થાય. આથી જ માણસે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ ષડ્રિપુ પર વિજય મેળવી મનને ઈશ્વરમાં જોડવું જોઈએ. ચારે દિશામાં દોડતા મનને ઈશ્વરના નામ જપથી સમજાવવામાં આવે તો જ એ વશમાં રાખી શકાય. મન જો નિર્મળ અને પવિત્ર હોય તો જ શુભ ભાવ આવી શકે અને શુભ કર્મ થઈ શકે. યુધિષ્ઠિર અને શકુનિનું જીવંત દૃષ્ટાંત મહાભારતમાંથી મળે છે. યુધિષ્ઠિરનું મન સદા ઉદાર અને દિવ્ય ભાવોમાં રમમાણ હતું તેથી જ તેના વિચારો અને આચરણમાં ઉદારતા તથા દિવ્યતા તથા શાલિનતા હતી જ્યારે શકુનિનું મન કુટિલ વિચારોથી તથા શઠતાથી ભરેલું હોવાથી એની વાણીમાં લુચ્ચાઈ હતી અને આચરણમાં દુષ્ટતા અને પ્રપંચ હતા.

મહાભારતકાર કહે છે કે મનને વશમાં રાખવું તે વાયુને વશમાં રાખવા જેટલું મુશ્કેલ છે. પરંતુ મનના વશિકરણનો મંત્ર પણ મહાભારતના ભીષ્મ પર્વમાં મળે છે. મનના વશિકરણ માટે, મહર્ષિ વેદવ્યાસે અભ્યાસ અને વૈરાગ્ય એ બાબતને મહત્ત્વની ગણી છે. અભ્યાસ એટલે કે મનને સતત કેળવતાં રહેવું. ભગવાનની ભક્તિમાં મનને સતત પરોવાયેલું રાખવું. એ જ રીતે વૈરાગ્ય દ્વારા પણ મન વશ થઈ શકે, વૈરાગ્ય એટલે મનને જડ પ્રકૃતિમાંથી છૂટું કરી પરમાત્મામાં લગાડવું તે જગતની જે જે વસ્તુઓ અતિ આકર્ષક લાગતી હોય તેના તરફ જો વૈરાગ્યદૃષ્ટિ હશે તો એ બાબતો સહેજે આકર્ષક લાગશે નહિ. કેટલાક એને ઉદાસીનવૃત્તિ કહે છે. સંત કબીરે કહ્યું છે કે મન એ તો મદમસ્ત હાથી છે. એને જ્ઞાનાંકુશ આપીને વશ

રાખો અને વિષય વિષલતાને છોડીને સ્વરૂપ જ્ઞાનામૃતનું શાંતિફળ ચાખો.

જગદ્ગુરુ શંકરાચાર્યે મનને વિષે માર્મિક સૂત્ર આપ્યું છે – **જીતં જગત્ કેન મનો હિ યેન**

અર્થાત્ જગતને કોણે જીત્યું છે ? જેણે મનને જીત્યું છે.

મનને જીતવા માટે મનને નિર્મળ અને પવિત્ર કરવું જોઈએ. અને આ માટે ધર્મને શરણે જવું જોઈએ. ધર્મ એ અંતરાત્માની શુદ્ધિ ઉપર ભાર મૂકે છે. જેનાથી મન નિર્મળ અને પવિત્ર રહે છે. મલિનતા, વાસના અને વ્યસનોમાં બાંધી રાખતું મન માણસને અધોગતિના પંથે લઈ જાય છે અને એ જ મનને તમે નિર્મળ અને પવિત્ર રાખી ઉચ્ચ માર્ગે લઈ જાઓ તો તમને પરમાત્મા તરફ દોરી જઈ મોક્ષ પણ અપાવે છે. આથી જ માણસ પાસે સ્વર્ગ અને નર્કની ચાવી છે.

ભક્તિ માર્ગમાં સત્સંગ તેમ જ જપનું મહત્ત્વ છે. મનને સ્થિર કરવા માટે યોગ, ભજન, ઉપવાસ, તપ, ધ્યાન, સમાધિ જપ અને તપ જેવા અનેક ઉપાયો સૂચવવામાં આવ્યા છે. માણસે જીવનમાં એકાગ્રતા, ધીરજ, સુખ, શાંતિ માટે મનની કેળવણી જરૂરી છે. માટે જ આપણે પ્રાર્થના કરવી જોઈએ કે

**હમકો મન કી શક્તિ દેના મન વિજય કરે**
**દૂસરો કી જય સે પહલે ખુદકો જય કરે...**

**– અરવિંદભાઈ એસ. વૈદ્ય**

---

**(સુભાષિત - પાન નં. ૩નું અનુસંધાન)**

માણસને અવિચારી બનાવે છે, પાગલ બનાવી દે છે. ઇચ્છા એ નિર્લજ્જ ભિખારણ છે અપમાનિત થવા છતાં એ પ્રાપ્તિની ઇચ્છા છોડી શકતી નથી. ઇચ્છા એ અસાધ્ય રોગ છે જેથી સંત કબીરે કહ્યું છે,

માયા મરી ન મન મરા, મર મર ગયે શરીર ।
આશા તૃષ્ણા ના મરી, કહ ગયે દાસ કબીર ॥

માણસ મનને વશ થઈને જ તૃષ્ણાઓ તરફ દોટ મૂકે છે. મોહમાં પડે છે અને ધારે તો મોહમુક્ત પણ બની શકે છે. ભગવદ્ ગીતામાં કહ્યું છે તેમ શરીર કરતાં ઇન્દ્રિયો શ્રેષ્ઠ છે. ઇન્દ્રિયો કરતાં મન શ્રેષ્ઠ છે. મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે અને બુદ્ધિ કરતા આત્મા શ્રેષ્ઠ છે એટલે તૃષ્ણાને નાથવા મનને નાથવું પડે અને આત્માની પવિત્રતાની ઉપાસના કરવી પડે પરંતુ મન અત્યંત ચંચળ છે એટલે એમાં ઉત્પન્ન થતી તૃષ્ણાઓ પણ ચંચળ છે. એટલે તૃષ્ણાઓને જીતવાનો ઉપાય સરળ નથી કારણ કે વર્ષો સુધી તપ કરનાર ઋષિ-મુનિ પણ એક નબળી ક્ષણમાં વાસનાનો શિકાર બની પતિત બની જાય છે.

એટલે તૃષ્ણા જીતવા માટે જરૂરી છે આત્મજ્ઞાન. આત્મબળ કે સંકલ્પશક્તિ વગર માણસનો કોઈ નિર્ણય ટકી શકે નહીં એટલે એ માટે અભ્યાસની જરૂર પડે છે. અભ્યાસની સાથે ત્યાગ ભાવના વિકસાવવી પડે. તૃષ્ણાઓના ત્યાગ માટે વિવેકદૃષ્ટિ કેળવવી પડે. પણ વિવેક સારું શું અને ખરાબ શું એ સમજવાની દૃષ્ટિ આપી શકે પણ ખોટાને ત્યજવા માટે વૈરાગ્ય એટલે કે વિષયભોગો તરફની ઉદાસીનતા કેળવવી પડે. જ્યાં સુધી માણસ અંદરથી શુદ્ધ અને અનાસક્ત ન બને ત્યાં સુધી એનું મન સાંસારિક સુખો પાછળ દોડતું રહે. માણસ અહંકારને કારણે પણ તૃષ્ણાઓ છોડવા-ત્યજવા તૈયાર થતો નથી એટલે મનની પ્રસન્નતા માટે ભોગદૃષ્ટિને બદલે યોગદૃષ્ટિ કેળવવી પડે. સત્સંગ અને સદ્ગુરૂ એમાં મદદરૂપ થઈ શકે પણ આજે કહેવાતા સદ્ગુરૂઓનું ચારિત્ર્ય પણ શંકાથી મુક્ત નથી રહ્યું ત્યારે સદ્ગુરૂની પસંદગીમાં પણ સાવધ રહેવું પડે. જે માણસ પ્રજ્ઞાવાન છે, વીર્યવાન છે. પંડિત છે, તે શીલધારી બને. સમાધિ ને પ્રજ્ઞાની ભાવના કરતા-કરતા તૃષ્ણાને કાપી શકે છે.

માણસ આત્મનિગ્રહ કરે, મનને ભટકતું રોકવાની કોશિશ કરે, સંયમી બને અને સાંસારિક સુખ પ્રત્યે સમજપૂર્વક અનાસક્તિ કેળવે તે જ ધીરે-ધીરે તૃષ્ણા પર વિજય મેળવી શકે. એ માટે ધૈર્ય જોઈએ.

તાજેતરમાં રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના વાઇસ પ્રેસીડેન્ટ મુકેશ અંબાણીના જમણા હાથ જેવા શ્રી પ્રકાશભાઈ શાહ દીક્ષા લઈને સન્યાસી બની ગયા. એમની વાર્ષિક આવક ૭૫ કરોડ હતી. એમનો સન્યાસ બતાવે છે કે ભૌતિક વસ્તુઓ અને સુખ સુવિધાઓ અમુક હદ સુધી જ સંતોષ આપી શકે છે માટે તૃષ્ણાઓને ત્યાગવી જોઈએ. •

'વાળંદ વિકાસ'માં પ્રસિદ્ધ થનાર લખાણની જવાબદારી તેના પ્રેષકની રહેશે. ગુજ. વા. સ. સંઘ, તંત્રી કે સંપાદક મંડળ હંમેશા તેની સાથે સહમત છે તેવું માનવું નહિ. – તંત્રી, વા.વિ.

# પ્રાદેશિક સમાચાર

## લિંબાચીયા તેર સમાજ, અમદાવાદ
## પંચદર્શિય કાર્યક્રમ

લિંબાચીયા તેર સેવા સમાજ ટ્રસ્ટના નેજા હેઠળ તા. ૬-૪-૨૦૨૫ રામનવમીના રોજ ડૉ. ઠાકોરભાઈ મ્યુનિ. હૉલ કાંકરીયા ખાતે પંચદર્શિય કાર્યક્રમ ખૂબ આયોજનબદ્ધ રીતે યોજાઈ ગયો.

આ કાર્યક્રમ પ્રથમ વખત એક સાથે પંચદર્શિય હેતુઓને ધ્યાનમાં લઈ યોજવામાં આવ્યો હતો. સવારે ૯-૩૦ વાગે માઁ લિંબચનો હવન, (૨) સ્ટેજ ઉપર ચાલુ વર્ષના ભોજનદાતા, ગત વર્ષના ભોજનદાતા તથા આગામી વર્ષ ૨૦૨૬ના ભોજનદાતાનું સન્માન (૩) વિશ્વ સિનિયર સિટિઝન વર્ષ અને વિશ્વ દિવ્યાંગ વર્ષ નિમિત્તે અનુક્રમે સન્માન (૪) વિશિષ્ઠ સિદ્ધી મેડલ મેળવેલનું સન્માન (૫) તેર સમાજના ડૉક્ટર્સ, સરકારના વર્ગ૧-૨ના અધિકારી વગેરેનો સન્માન કાર્યક્રમ.

માઁ લિંબચનો હવનનો કાર્યક્રમ સવારે ૯-૦૦ વાગે શરૂ કરવામાં આવ્યો. જેમાં ભોજનદાતાના સુપુત્ર શ્રી કેયુરભાઈ અને તેમનાં ધર્મપત્ની મુખ્ય યજમાન તરીકે બીરાજમાન હતાં. જ્યારે સહયજમાન તરીકે શ્રી વિશાલભાઈ કમલેશભાઈ (ઉમતા) અને શ્રીમતિ હિનાબેન શાંતિલાલ (પિતા) પી.આઈ. ધીણોજ, ગાંધીનગર બીરાજમાન હતા. તેર સમાજના બહોળા પરિવારની હાજરીમાં બપોરે ૩-૩૦ વાગે શ્રીફળ હોમ કરવામાં આવ્યો હતો. સૌએ સાથે આરતી અને પ્રસાદ લઈ શ્રદ્ધાપૂર્વક માઁ લિંબચના આશીર્વાદ લીધા. ત્યારબાદ મ્યુનિ. એ.સી. હોલમાં બપોરે ૪-૦૦ વાગે શૈક્ષણિક ઈનામ વિતરણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. સ્ટેજ ઉપર મા લિંબચના ફોટા સમક્ષ ભોજનદાતાના પરિવારે શ્રદ્ધા અને ભક્તિથી દિપ પ્રાગટ્ય કરી આરતી ઉતારી હતી. તેમાં પ્રમુખશ્રી નરોત્તમભાઈ પીંઢારપુરા સાથે બધા હોદ્દેદારો જોડાયા હતા.

શૈક્ષણિક ઈનામ વિતરણ કાર્યક્રમના સન્માનનીય મહેમાનોને એનાઉન્સર શ્રી કનુભાઈ (ટૂંડાવ) દ્વારા સ્થાન ગ્રહણ કરવા આમંત્રણ આપવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત કુ. ધ્યાનિ જીગરભાઈ (ઐઠોર) દ્વારા પ્રાર્થના ગીતથી કરવામાં આવી. ત્યારબાદ પ્રમુખશ્રી નરોત્તમભાઈએ સ્ટેજ ઉપરના મહેમાનોનું શાબ્દિક સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. નાના ભૂલકામાંના સ્ટેજ કાર્યક્રમમાં ધીર હીરેનભાઈ અને રિવાન દિગીશભાઈ (પીંઢારપુરા)એ અંગ્રેજી સોંગ અને સ્પીચ આપી પ્રેક્ષકોની પ્રશંસા મેળવી. ત્યારબાદ સ્ટેજ ઉપરના મહેમાનો અને આમંત્રિત મહેમાનોનું ફુલહાર અને શાલથી સ્વાગત કરવામાં આવ્યું.

આ વર્ષના ભોજનદાતા શ્રી જયંતિલાલ શંકરલાલ અને ભાનુબેન જયંતિલાલનું ફુલહાર અને શાલથી પ્રમુખશ્રીએ સ્વાગત કર્યું તથા સર્વે હોદ્દેદારોની હાજરીમાં શ્રી જયંતિલાલને મોમેન્ટો અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું. પ્રેક્ષકોએ તાળીઓથી વધાવી લીધું. આ ભોજનદાતા ભોજનદાન ઉપરાંત હવનના યજમાનના દક્ષિણાના દાતા બની નવી પહેલ પાડેલ છે જે ખરેખર ધન્યવાદને પાત્ર છે. આ ઉપરાંત ગત વર્ષના ભોજનદાતાના સુપુત્ર શ્રી ભરતભાઈનું સ્વાગત ફુલહાર ને શાલથી કરવામાં આવ્યું તથા આવતા વર્ષના જાહેર થયેલ ભોજનદાતા શ્રી સુરેશભાઈ મૂળચંદદાસ અને શ્રીમતિ હંસાબેન સુરેશભાઈ (સંડેર) નું સ્વાગત કરવામાં આવ્યું. આમ એક સાથે ત્રણ ભોજનદાતાઓનો સ્વાગત કરવાનો પ્રસંગ પ્રથમવાર બનેલ છે. સ્ટેજ ઉપરના અન્ય મહેમાનમાં સમારંભના પ્રમુખ શ્રી ડૉ. સંજયકુમાર નરોત્તમભાઈ (પીંઢારપુરા) વિશિષ્ઠ મહેમાનો શ્રી પ્રવિણભાઈ શીવરામ (દાસજ) શ્રી અમરતલાલ ધનજીદાસ (ચવેલી) શ્રી વાસુદેવભાઈ કેશવલાલ (ઐઠોર) શ્રી સંજયભઆઈ અમૃતલાલ (ટુંડાવ) તથા અતિથિ વિશેષ એવા શ્રી અશોકભાઈ બબલદાસ (વાલમ)નું ફુલહાર અને શાલથી સ્વાગત કરવામાં આવ્યું. લિંબાચીયા તેર ક્રેડીટ સોસાયટીના પ્રમુખ શ્રી નગીનભાઈ (સંડેર) અને મંત્રીશ્રી રમેશભાઈ (દાસજ) તથા પ્રિન્ટીંગ ખર્ચના આજીવન દાતા શ્રી રાહુલભાઈ (ડાભી)નું સન્માન કરવામાં આવ્યું.

આ ઉપરાંત ઊંઝા, મહેસાણા, વડોદરા વગેરેથી આવેલ આમંત્રિત મહેમાનોનું સ્ટેજ ઉપર સ્વાગત કરવામાં આવ્યું. (૧) શ્રી જગદીશભાઈ સોમનચંદ, તેર સમાજના પ્રમુખ, (૨) શ્રી રાજુભાઈ અમરતલાલ (કાંબલી) સહમંત્રી (૩) શ્રી માધવલાલ બાલીસણા અંબાજી ધર્મશાળાના પ્રમુખ (૪) શ્રી સોમાભાઈ ઉનાવા

અગ્રણીનેતા, (૫) શ્રી સુરેશભાઈ પાંચોટ (ઊંઝા) (૬) શ્રી શાંતિલાલ ભોળાનાથ (ધીણોજ) નિવૃત્ત પી.એસ. આઈ. (૮) શ્રી ભોગીભાઈ ગડીયાળી (ડૂંડાવ/ઊંઝા) (૯) શ્રી શૈલેષભાઈ ચતુરદાસ લણવા/વડોદરા (૧૦) શ્રી શૈલેષભાઈ અંબાલાલ વાલમ/વડોદરા અને શ્રી નરોત્તમદાસ શંકરલાલ અને શ્રી રમેશભાઈ (વાલમ) વગેરેનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ વર્ષના ધો. ૮થી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઈનામના દાતા શ્રી ભરતભાઈ ડાહ્યાભાઈ (ઉનાવા) અમદાવાદ જેઓ એક ઉદ્યોગ સાહસિક છે. તેમના તરફથી વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ છે. વ્યક્તિઓને મોમેન્ટો, મંડલ, દિવાલ ઘડીયાળ, સ્કૂલબેગ, સ્ટીલની વોટર વેક્યુમ બોટલ અને લંચ બોક્સ તથા ધો. ૮થી કોલેજકક્ષાના ૫૦ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, સ્ટીલ વોટર બોટલ અને લંચ બોક્સ આપવામાં આવી હતી. આટલા એક સાથે, દાતાશ્રી દ્વારા પ્રથમ વખત ઈનામો આપવામાં આવ્યાં છે. શ્રી ભરતભાઈનો ખૂબ ખૂબ આભાર. તેઓશ્રીનું વિશિષ્ઠ સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે હાજર રહેલ નાના બાળકો આશરે ૧૫૦ને પ્લાસ્ટીકની વોટર બોટલ અને લંચ બોક્સ શ્રી રાજેશભાઈ અંબાલાલ (પીંઢારપુરા) તરફથી આપવામાં આવ્યાં હતાં. બન્ને દાતાશ્રીઓનો આભાર માનવામાં આવે છે.

સ્ટેજ ઉપર તેર સમાજના ૬ ડૉક્ટર અને બે સરકારી અધિકારીઓને આમંત્રણ આપાવમાં આવ્યું હતું. ડૉ. અમન સુરેશભાઈ પાંચોટ/ઊંઝા ડેન્ટીસ્ટે સભાને ઉદ્‌બોધન કર્યું હતું તથા કેળવણીનું મહત્ત્વ સમજાવ્યું હતું. જ્યારે ડૉ. સંજયકુમાર અને શ્રી હિરેનભાઈએ પણ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. જ્યારે શ્રીમતિ હિનાબેન શાંતિલાલ (પી.આઈ.) ધીણોજે બહેનોને ઉચ્ચ શિક્ષણ લેવા અનુરોધ કર્યો હતો. ટ્રસ્ટના મંત્રીશ્રી કેયુરભાઈ (ઐઠોર) ટ્રસ્ટનો અહેવાલ ટૂંકમાં રજુ કર્યો હતો. સ્ટેજ ઉપરના મહેમાનો દ્વારા આશરે રૂપિયા સિત્તેર હજારનું અનુદાન મલ્યું હતું. સર્વેનો ખૂબ ખૂબ આભાર.

વર્ષ ૨૦૨૬ના શૈક્ષણિક ઈનામના દાતા શ્રી પ્રવિણભાઈ નારણદાસ (બાલીસણા) અને નાના બાળકોના પ્રોત્સાહન ઈનામના દાતા તરીકે શ્રી નરોત્તમભાઈ શંકરલાલ (વાલમ)ની જાહેરાત થયેલ છે. ધન્યવાદ. કાર્યક્રમની આભાર વિધી ભોજનદાતા શ્રી જયંતિલાલ શંકરલાલ (વાલમ) દ્વારા કરવામાં આવી હતી તથા સર્વેને સુરુચી ભોજન માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. તેર સમાજ અમદાવાદના પરિવાર સહિત મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**(આ અહેવાલના ફોટોગ્રાફ ટાઈટલ ૪ પર છે)**

**પ્રેષક : નરોત્તમભાઈ હેમચંદદાસ (પીંઢારપુરા), પ્રમુખ, લિંબાચીયા તેર સેવા સમાજ ટ્રસ્ટ, અમદાવાદ**

## શ્રી સોસ્તર સમાજ વિજાપુર આયોજીત વેઠપ્રથા નાબૂદી અને સાધન કીટ વિતરણ કાર્યક્રમ

શ્રી સોસ્તર સમાજ વિજાપુર આયોજીત સાધન કીટ વિતરણ અને વેઠપ્રથા નાબુદી બાબતે તા. ૮-૦૪-૨૦૨૫ ને મંગળવારે સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી યોજાયો. તેમાં સમાજના તમામ ગામડાઓના સ્વધંધો કરતાં નાયી કામ કરતા ભાઈઓ અને કારોબારી સભ્યશ્રીઓએ ભાગ લીધો. સૌ પ્રથમ પ્રાર્થના, દીપ પ્રાગટ્ય અને સ્વાગત પરિચય, સ્વાગત વિધી, કીટ વિતરણ અને



વિવિધ હોદ્દેદારોએ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યું. એમાં વધુને વધુ વેઠપ્રથા તેમજ અસભ્ય વર્તન અને વાણી વિલાસ જેવા શબ્દોથી હેરાન પરેશાન થતાં જ્ઞાતિજનોને હિંમત આપવામાં આવી. સમાજની સંસ્થા આપ સર્વેની સાથે છે તેવી હૈયાધારણ આપવામાં આવી. સમાજમાં વિજાપુર કોર્ટમાં પ્રેક્ટીસ કરતા વકીલ મિત્રોને પણ આમંત્રણ આપી ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું અને ક્યાંય મુશ્કેલી પડે તો તેમની પાસેથી નિ:શુલ્ક સલાહ લેવાની અને આપણને મદદરૂપ થાય તેવી વકીલ મિત્રોએ પણ હૈયાધારણા આપી. બપોરના સમયે ટ્રસ્ટ મંડળના સભ્યો તરફથી દરેકને જમણવાર આપવામાં આવ્યો. બપોર પછી કીટ વિતરણ કરવામાં આવી તેમાં જેને અગાઉથી




નોંધણી કરાવી તેવા સમાજના ૧૫૦ વધુ લાભાર્થીઓને સાધનકીટ અર્પણ કરવામાં આવી. જ્ઞાતિજનો ખુશ થયા. સ્વમાનભેર સ્વધંધો કરી શકે તેવી સમાજ તરફથી હિંમત આપવામાં આવી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ, મંત્રી, મેનેજીંગ ટ્રસ્ટી અને બીજા ટ્રસ્ટીમિત્રો અને હોદ્દેદારોએ પોતાના વક્તવ્યમાં દરેક જ્ઞાતિજનોને સ્વમાનભેર ધંધો કરવો. ધંધામાં બદલાવ લાવવો. વ્યસન છોડવા, વેઠપ્રથા નાબુદ કરવી તેવા માતાજીના સોગંદ ખાઈને સંકલ્પ લીધો છે. આવેલ લાભાર્થીઓએ સામૂહિક જગ્યા પર ઉભા થઈ જ્યારે સંકલ્પ લીધો ત્યારે તમામ જ્ઞાતિજનો ભાવવિભોર બની ગયા કે આપણે આપણા માટે, આપણા પરિવાર માટે, આપણા કુટુંબ માટે અને આપણા સમાજની ઉન્નતિ અને પ્રગતિ માટે આપણે વેઠપ્રથા, વ્યસન જરૂરથી છોડીશું અને ધંધામાં બદલાવ લાવી સ્વમાનભેર જીવીશું. તેવી દરેકને અનુભૂતિ થઈ. આમ સદર કાર્યક્રમ બાદ ૨.૩૦ કલાકે કારોબારી સભા એજન્ડા પ્રમાણે ચર્ચા વિચારણા કરી તેમાં મુખ્ય મુદ્દો ગુજરાત વાળંદ સેવા સંઘ સંસ્થાનું નવનિર્મિત બિલ્ડીનું કામ ચાલી રહ્યું છે તેના વિકાસ માટે તેને ગતિ આપવા સારું તેમજ સંસ્થામાં આપણું ગૌરવ જળવાઈ રહે તે હેતુસર બીજા માળે શ્રીસોસ્તર જુથ નાયી સમાજ વિજાપુરનું નામ આવે તે હેતુસર સમાજના ટાઈટલ પર દાન એકઠું કરવાની સઘન ચર્ચા વાળંદ સેવા સંઘના હોદ્દેદારો અને સોસ્તર સમાજના પ્રમુખ, મંત્રી અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રી એ કરી તે બાબતે તા. ૧૧/૦૫/૨૦૨૫ ના રોજ એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું તેમાં આમંત્રિત સમાજના જ્ઞાતિજનો અને દાતાશ્રીઓને એકઠા કરી આપણે રૂા. ૭૫,૦૦,૦૦૦/- (પંચોતેર લાખનો) ટારગેટ પૂરો કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો. આમ સાંજે ૫.૦૦ કલાકે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

**લી. મંત્રીશ્રી સોસ્તર જુથ નાયી સમાજ વિજાપુર**

Bhumika Travels
Overseas Consultant



S. B. Parekh
M. 9825975236
M. 9426022725

OVERSEAS CONSULTANT, AIR TICKET, PASSPORT, VISA, CONGO VISA, STUDENT VISA, IMMIGRATION, HOTEL BOOKING, PACKAGE TOURS, OVERSEAS INSURANCE

204, Span Trade Centre, Opp. Kocharab Ashram, Nr. Paldi Char Rasta, Ashram Road, Ahmedabad -380 006 Gujarat, INDIA
E-mail : bhumikatravel@gmail.com / www.bhumikatravels.com

## શ્રી અમદાવાદ લિમ્બાચિયા વાળંદ જ્ઞાતિ, સોલા, અમદાવાદ

કુળદેવી રાજરાજેશ્વરી જગત અંબિકા સ્વરૂપ શ્રી લિમ્બચ માતાજીના પ્રાગટય દિવસ ચૈત્ર સુદ-આઠમના દિવસ શ્રી લિમ્બચ શકિતધામ, સોલા, અમદાવાદ ખાતે શ્રી લિમ્બચ માતાજીના સાનિધ્યમાં શ્રી જયોતિન્દ્રભાઈ મધુસૂદનભાઈ સૂર્યાવાલા, શ્રીમતી રીટાબેન જયોતિન્દ્રભાઈ સૂર્યાવાલા પરિવાર ધ્વારા મુખ્ય યજમાન પદે હવનની પૂજાનો લાભ લેવામાં આવ્યો. સમસ્ત જ્ઞાતિ સ્વજનોએ આ ધાર્મિક આસ્થા રૂપિ ભોજન પ્રસાદી મળી રહે અને જ્ઞાતિ સ્વજનો ભોજન પ્રસાદી લઈ પવિત્રતા અનુભવે તે આશયથી શ્રી જયોતિન્દ્રભાઈ મધુસૂદનભાઈ સૂર્યાવાલા પરિવાર તરફથી ટોકન દરથી ભોજન પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું.

આ કામના ધાર્મિક અવસર પર મુખ્ય યજમાન :-

૧. શ્રી ચિંતન જયોતિન્દ્રભાઈ સૂર્યાવાલા અને શ્રીમતી મહેશ્વરી ચિંતન સૂર્યાવાલા, ૨. શ્રી પાર્થ અશિષભાઈ પારેખ અને શ્રીમતી ઋત્વિ પાર્થ પારેખ, ૩. શ્રી ધ્રુવ વિપુલભાઈ ભગત અને શ્રીમતી અનામિકા ધ્રુવ ભગત, ૪. શ્રી અલ્કેશભાઈ ગોરધનદાસ પારેખ અને શ્રીમતી કલ્યાણીબેન અલ્કેશભાઈ પારેખ, ૫. શ્રી વિશાલ નયનભાઈ સૂર્યાવાલા અને શ્રીમતી ગાયત્રી વિશાલ સૂર્યાવાલા

ચૈત્ર સુદ-આઠમના આ પવિત્ર ધાર્મિક ઉત્સવમાં શ્રી લિમ્બચ શકિતધામ, સોલા, અમદાવાદ ખાતે શ્રી લિમ્બચ માતાજીની પાલખી યાત્રા / શોભા યાત્રા સાંજે ૪.૦૦ વાગે શ્રી લિમ્બચ માતાજીના જયઘોષ સાથે શુભારંભ કરવામાં આવ્યો, શોભાયાત્રા વાજતે ગાજતે નિજ મંદિર ખાતે પહોંચતા પૂજારી શ્રી જનાર્ધન એસ.ત્રિવેદી ધ્વારા કુળદેવી શ્રી લિમ્બચ માતાજીને આદરપૂર્વક આવકાર આપી સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ શ્રી લિમ્બચ માતાજીને મંદિર ખાતે બિરાજમાન કરવામાં આવ્યા.

કુળદેવી શ્રી લિમ્બચ માતાજીની આરતીની ઉછામણીમાં શ્રી ધ્રુવ વિપુલભાઈ ભગત પરિવાર ધ્વારા વધુ રકમની બોલી બોલતાં આરતીનો લાભ ભગત પરિવાર ધ્વારા લેવામાં આવ્યો.

શ્રીમતી જયોત્સનાબેન ભરતભાઈ સૂર્યાવાલા, શ્રીમતી છાયાબેન યોગેનભાઈ ખડાલીયા અને શ્રીમતી અલ્પાબેન ઘનશ્યામભાઈ સૂર્યાવાલા પરિવાર ધ્વારા સુખડીની પ્રસાદી સમસ્ત જ્ઞાતિ સ્વજનો એવા જાગૃત સમાજને વિતરણ કરવામાં આવી. આ ધાર્મિક પર્વ પર શ્રી જયોતિન્દ્રભાઈ મધુસૂદનભાઈ સૂર્યાવાલા અને શ્રીમતી રીટાબેન મધુસૂદનભાઈ સૂર્યાવાલા પિરવાર ધ્વારા ભોજન પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં સૌ જ્ઞાતિ સ્વજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો.

**– શ્રી ભરતભાઈ એમ. સૂર્યાવાલા**

## શ્રી જય લિંબચ ઉત્કર્ષ (સોસ્તર જૂથ) ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદ દ્વારા આયોજિત કૂળદેવી લિંબચ માતાજીનો ૨૯મો હવન મહોત્સવ

શ્રી જય લિંબચ ઉત્કર્ષ (સોસ્તર જૂથ)ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદ દ્વારા આયોજિત આદ્યશક્તિ કૂળદેવી શ્રી લિંબચ માતાજીનો ૨૯મો હવન મહોત્સવ ચૈત્ર સુદ આઠમ તા.૦૫/૦૪/૨૫ને શનિવારે બામણવાના વતની હાલ અમદાવાદ ખાતે રહેતા શ્રી કમલેશભાઈ અમૃતલાલ નાયી નાનિવાસસ્થાને (૧૭૮,ભાર્ગવ સોસાયટી વિભાગ-૩, કુબેરનગર, અમદાવાદ)અમદાવાદમાં વસતા સર્વે સોસ્તર સમાજના ભાઈઓ, બહેનો તથા બાળકોની લગભગ ૬૦૦ની વિશાળ હાજરીમાં આનંદ, ઉત્સાહ તથા ભક્તિમય વાતાવરણમાં ઉજવાઈ ગયો.ગત સાલ શ્રી કમલેશભાઈ અમૃતલાલ નાયી એ રૂ.૧,૧૧૦૦૦/-નો ચઢાવો બોલી યજમાન બન્યા છે. તેમને તથા તેમના પરિવારને સુખ,શાન્તિ,સમૃદ્ધિ તથા અઢળક ઐશ્વર્ય સાથે તંદુરસ્તીસભર દિર્ધાયું બક્ષે તેવી મા લિંબચને પ્રાર્થના.

કળિયુગમાં સર્વે મનોરથો સિદ્ધ કરવાનું એક માત્ર સાધન તે કૂળદેવીની ઉપાસના છે. અમદાવાદ સ્થિત સોસ્તર જૂથના ભાઈઓ, બહેનો એક પ્લેટફોર્મ ઉપર ઉપસ્થિત થઈ એક કુટુંબના ભાઈચારા જેવું વાતાવરણ ઉભું થાય, સૌ એક બીજાની નજીક આવે તથા સારા-નરસા પ્રસંગે સૌ એક બીજાને મદદરૂપ થાય તેવી ભાવના

નજર સમક્ષ રાખીને શ્રી જય લિંબચ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટની રચના કરવામાં આવી છે.ટ્રસ્ટના બંધારણમાં સંગઠન, કેળવણી, તબીબી, સામાજિક વિકાસ, નાની બચત તથા કુદરતી આફતો વખતે આપત્તિગ્રસ્ત કુટુંબોને યથાયોગ્ય મદદ આપવાના હેતુઓનો સમાવેશ થાય છે. ઉત્કર્ષ મંડળ દ્વારા અમદાવાદથી વિજાપુર પગપાળા સંઘનું આયોજન દર મહાસુદ એકમ નારોજ રોજ ત્રણ દિવસ માટે છેલ્લા ૨૭ વર્ષથી કરવામાં આવે છે.માતાજીની કૃપા આપણા સમાજ ઉપર એટલી છે કે સમાજમાં બધા સુખી સંપન્ન છે તેથી આગામી ૨૦૪૧સુધીના પગપાળા સંઘના યજમાનોની નોંધણી થઈ ગઈ છે.

દિવાળી પછી નવા વર્ષના પ્રારંભે સ્નેહ-મિલન સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન શ્રી જય લિંબચ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદ તથા શ્રી જય લિંબચ કો. ઓપ. ક્રેડિટ સોસાયટી અમદાવાદના નેજા નીચે કરવામાં આવે છે જ્યાં અમદાવાદમાં વસતા સર્વે ભાઈઓ-બહેનો તથા બાળકો ઉલ્લાસ-ઉત્સાહભેર ભાગ લે છે તથા એક બીજાને મળી કાર્યક્રમને સફળ બનાવે છે.

સવારના નવ વાગ્યાના શુભ મંગલમય મૂહૂર્તે શુદ્ધ વૈદિક મંત્રોચ્ચાર સાથે હવન યજ્ઞનો પ્રારંભ થયો.હવનમાં પૂજા પાઠમાં શ્રી કમલેશભાઈ ભાઈ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી આશાબેન અને તેમના ભાઈ શ્રી રાકેશભાઈ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી મમતાબેન બેઠા હતા.

સવારે નવથી સાંજના પાંચ વાગ્યા સુધી હવનનો કાર્યક્રમ સંપન્ન થયો. ટ્રસ્ટના પ્રમુખ શ્રી કાળીદાસભાઈ પારેખ દ્વારા હવન અંગેની ભૂમિકાની આછેરી ઝલક આપવામાં આવી. ટ્રસ્ટના મંત્રીશ્રી અરવિંદભાઈ વૈદ્ય તથા ટ્રસ્ટીશ્રી રમેશભાઈ વૈદ્ય દ્વારા ટ્રસ્ટ ના કાર્યોની વિગતવાર માહિતી આપવામાં આવી.ત્યારપછી ઉછામણીનો કાર્યક્રમ સૌ ટ્રસ્ટીમંડળના ભાઈઓ દ્વારા થયો.આગામી ૨૦૨૬નો ૩૦મા હવન મહોત્સવમાં સૌથી વધારે ચઢાવો રૂ. ૧,૧૧૦૦૦/-બોલી કુ. હેમલતાબેન બાબુલાલનાયી (મોતીપુરા-હાલ અમદાવાદ) યજમાન બનશે. માતાજી તથા સમાજ પ્રત્યેની તેમની ભાવના બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે. ત્યારબાદ શ્રીફળ હોમાયું,માતાજી ની આરતી થઈ.સૌએ ઉમંગભેર ગરબાની રમઝટ બોલાવી.

છેલ્લે ભોજન પ્રસાદ લઈ સૌ આનંદ ઉત્સાહ સાથે વિખેરાયા. અને હવન મહોત્સવ નું સમાપન થયું.

સૌને જય લિંબચ.

**– અરવિંદભાઈ એસ.વૈદ્ય, મંત્રીશ્રી,શ્રી જય લિંબચ ઉત્કર્ષ (સોસ્તર જૂથ)ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ.**

## જ્ઞાતિ ગૌરવ



શ્રી લીંબાચીયા તેર સમાજના અંકોર ગામના વતની શ્રી વિનોદભાઈ વીરચંદભાઈ લિમ્બાચીયા જે પાણી પુરવઠા વિભાગમાંથી ડેપ્યુટી એન્જિનીયર (વર્ગ-૨) તરીકે ઘણો લાંબો સમય ફરજ બજાવી નિવૃત્ત થઈ વતન અંકોર ખાતે સ્થાયી થયેલ છે.

ઐઠોર ગામ જગ વિખ્યાત ડાબી સુંઢાળા ગણપતિ દાદાનું ધામ છે. ગણપતિ સંસ્થાનમાં તાજેતરમાં નવીન ટ્રસ્ટી મંડળની રચના થતા શ્રી વિનોદભાઈને ટ્રસ્ટીમંડળની કોર કમિટિના સહમંત્રી તરીકે વર્ણી થયેલ છે.

ગણપતિ મંદિર સંસ્થા ગુજરાતની અગ્રણી ધાર્મિક સંસ્થા પૈકીની એક સાર્વજનીક ધાર્મિક સંસ્થા છે. આ સંસ્થામાં દેશ-વિદેશથી લાખો દર્શનાર્થીઓ આવે છે. આ સંસ્થામાં આપણી જ્ઞાતિના શ્રી વિનોદભાઈને ઇતિહાસમાં પ્રથમવાર ટ્રસ્ટીમંડળમાં સહમંત્રી તરીકે સ્થાન મળેલ છે.

આપણી સામાજિક નાની-મોટી સંસ્થામાં ટ્રસ્ટી મંડળમાં સેવા કરવાની તક મળે તે સહજ સ્વીકાર્ય છે. પરંતુ ગુજરાત લેવલના જગવિખ્યાત ગણપતિ સંસ્થામાં ટ્રસ્ટીમંડળની કોર કમિટિમાં સહમંત્રી તરીકે આજના સમયમાં નિમણુંક મળવી તે આપણા તેરસમાજ તેમજ લિમ્બાચીયા જ્ઞાતિ માટે ગૌરવ સમાન છે.

શ્રી વિનોદભઆઈ તેર સમાજના અગ્રણી કાર્યકર છે, સમાજની અનેક પ્રવૃત્તિમાં તેમનો ઉમદા ફાળો હોય

છે. તેઓ સમાજના કેળવણી મંડળના પ્રમુખ તરીકે તેમજ સમૂહલગ્ન સમિતિના મંત્રી તરીકે બે વખત સેવા આપી ચૂક્યા છે. તેઓએ ભાન્ડુ ખાતે સમાજના હોલમાં સમૂહલગ્નમાં, કેળવણીમાં તથા ગુજરાત વાળંદ સેવા સંઘની અમદાવાદ ખાતે નવીન બિલ્ડીંગમાં ઉમદા દાન આપેલ છે.

નિવૃત્તી પછી વતનની સેવામાં પ્રવૃત્ત થઈ વતનનનું ઋણ અદા કરી રહ્યા છે. તેમની આ નિમણુંક માટે તેમને હૃદયપૂર્વક સૌ વતી અભિનંદન સાથે તેમની સેવામાં ખૂબ સફળતા મળે, પરિવાર અને સમાજનું ગૌરવ વધારે તે માટે ગણપતિદાદા તેમજ મા લિમ્બચને પ્રાર્થના.

**અતુલભાઈ લિંબાચીયા, હાલ મહેસાણા**

## સાવકોરો કાગળ, ભાવધારા સહિત ૭ પુસ્તક લોન્ચ કરાયા



ગુજરાત વિશ્વકોશ ભવનમાં કાવ્યવિશ્વ.કોમ આયોજિત લતા હિરાણીના સાત પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું. આ ૭ પુસ્તકોમાં ઊગ્યું રે અજવાળું, તાકધિનાધીન, સાવ કોરો કાગળ, વ્હાલનું વાવેતર, ભાવધરા, કેવો ગડબડ ગોટાળો, ઉઠિયાની આંખનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, પદ્મશ્રી પ્રવીણ દરજી, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, વિખ્યાત કવિ વિનોદ જોશી, જાણીતા ગાયિકા ફાલ્ગુની શશાંક અને મનુભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના વક્તવ્ય પછી લતાબહેનના પુત્ર પાર્થ હિરાણીએ માતાની સાહિત્ય અને જીવનયાત્રાનો આડિયો-વિઝ્યુયલ માધ્યમ દ્વારા સુંદર પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ જાણીતા ગાયિકા ફાલ્ગુની શશાંકે લતા હિરાણીના ગીત સંગ્રહ 'ઊગ્યું રે અજવાળું'ના પાંચ ગીતોની સુંદર રીતે પ્રસ્તુતિ કરી હતી.

## જીવનમાં સુખ-દુઃખ સાપેક્ષ છે

માણસે જીવનમાં સંપૂર્ણ સુખની અનુભૂતિ કરવી હોય તો થોડા દુઃખના મેળવણની જરૂર પડે છે. દુઃખ પડે તો જ સુખની કિંમત સમજાય છે. સુખ-દુઃખ સાપેક્ષ છે. એકધારા સુખથી માણસ અકળાઈ જાય છે. તેને મનમાં સતત અજંપો કોરી ખાય છે. મનમાં ચિંતાઓનું ભારણ રહે છે.

જેવી રીતે શુધ્ધ સોનામાં તાંબુ ભેળવવાથી સોનાની મજબૂતાઈ અને ચમક વધે છે, તેવી જ રીતે શુદ્ધ સુખમાં થોડા દુઃખના મેળવણથી સુખ સમયમાં છકી જવાના દોષથી બચી શકાય છે. શાશ્ર્વત સુખ ટકાવી રાખવા દુઃખનો સાથ-સહકાર લેવો પડે છે. જેવી રીતે ભોજનમાં સ્વાદિષ્ટ મિઠાઈ સાથે તીખા-તમતમતા ફરસાણ વગર મજા ન આવે તેવી રીતે દુઃખના અહેસાસ વિના સુખનો મહત્તમ આનંદ ભોગવી ના શકાય.

અતિશય સુખથી  માણસ નિરાશ અને નિરુદ્યમી થઈ જાય છે. તેને એકદમ જલદી આધી-વ્યાધિ, ઉપાધી ઘેરી વળે છે. માનસિક સુખ મેળવવા જતાં શારીરિક સુખનો ભોગ આપવો પડે છે. આવા માણસો જાહેર સભાઓમાં, જાહેર સમારંભોમાં, જ્ઞાતિના ભોજનમાં કે જાહેર મિલન મેળાવડામાં અળગાને અળગા રહે છે, આવા માણસો મનમાં લઘુતાગ્રંથીથી પીડાય છે. જીવનમાં દુઃખ અનિવાર્ય છે, પરંતુ દુઃખી બનવું અનિવાર્ય નથી. સુખ-દુઃખ સંસારરૂપી રથનાં બે પૈડા સમાન છે. એક જ સિક્કાની બે બાજુ સમાન છે. સુખ અને દુઃખ એ જીવાત્માના જન્મજન્માંતરના કર્મોના હિસાબોનું પરિણામ રૂપે છે. સુખમાં માણસે છકી ના જવું અને દુઃખમાં હિંમત હારવી નહિ.

દુઃખ ભોગવવાથી પાપનો નાશ થાય છે, અને સુખ પ્રાપ્તિનો માર્ગ ખુલ્લો થઈ જાય છે. દુઃખીના દુઃખની વાતો, સુખી ના સમજી શકે, સુખી જો સમજે પૂરું તો, દુઃખ આ વિશ્ર્વમાં ના ટકે. જ્યારે સુખ હોય તેવી પરિસ્થિતિમાં દુઃખી માણસોની સેવા-ચાકરી, ભોજન-પાણી, કપડાં અને વસવાટ આપીએ તો ભગવાન આપણી ઉપર ખુશ રહે છે - ભગવાનની કૃપા રહે છે. આપણે સાચા સુખની અનુભૂતિ માણીએ છીએ. આ સુખ-દુઃખની ઉત્તમ સોનેરી ચાવી છે. જીવનમાં હરિયાળી ફેલાઈ જાય છે.

## BIO -DATA



Name : **Shreya Prakashchandra Vaidya**

**Personal Details**

| | | |
|---|---|---|
| DOB | : | 30-3-1996 |
| Blood Group | : | O+ |
| Height | : | 5’0’’ |
| Weight | : | 50 Kg. |
| Education | : | Computer Engineering |
| Occupation | : | Assistant Professor |
| Caste | : | Hindu - Nayi |

**Family Details**

| | | |
|---|---|---|
| Father | : | Prakashchandra Khemchanddas Limbachiya |
| Occupation | : | Teacher |
| Mother | : | Mudrikaben Prakashchandra Limbachiya |
| Occupation | : | Housewife |
| Brother | : | Dr. Jay Prakashchandra Vaidya |
| Education | : | Bachelor of Ayurvedic Medicine and Surgery (B.A.M.S.) |
| Marital Status | : | Unmarried |
| Native | : | Kantharavi, Ta. Unjha Dist. Mehsana |
| Maternal | : | Ruvavi, Ta. Unjha Dist. Mahesana |

**Other Details**

| | | |
|---|---|---|
| Current Address | : | Mahesana |
| Contact | : | 9925939103, 9408885073 |

## BIO -DATA



Name : **Parag Parekh**

| | | |
|---|---|---|
| Location | : | Kampala, Uganda |
| Contact | : | +91-9574014260 (Whatsapp) |
| Email | : | parag.parekh.902@gmail.com |
| Facebook | : | Parag Parekh |
| Life Goal | : | To identify what truly matters to me and channel maximum efforts to turn those vision into reality. |
| Academic Qualificaton | : | B.Com., MBA (Finance), CA (Pursuing ACCA UK) |
| Occupation | : | Account executive at well-known Plastic Industry at Kampala, Uganda |

Personal Details :

| | | |
|---|---|---|
| Date of Birth | : | 5th March 1998 |
| Home Town | : | Ahmedabad, Gujarat |
| Height | : | 6’0’’ Weight : 98 Kg. |
| Native | : | Tatosan, Visnagar Road, Gujarat |
| Father | : | Mr. Nitin Parekh Occupation - Job |
| Mother | : | Late Mrs. Manisha Parekh |
| Brother | : | Upendra Parekh Studying - Chartered Accountancy ACCA-UK |
| National | : | Indian |
| Languages known | : | English, Gujarati, Hindi |




RECRUITMENT OFFICER

Contact

Paras Khavadia

Mobile : 9825288993

## અવસાન નોંધ

* **વિહાર** : સોસ્તર જુથના **શારદાબેન કેશવલાલ નાયીનું** તા. ૨૮-૩-૨૫ના રોજ અવસાન થયું છે.
* **જંત્રાલ** : સોસ્તર જુથના **પાર્વતીબેન નાથાલાલ નાયીનું** તા. ૫-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ભાલક** : સોસ્તર જુથના **રમીલાબેન ભોગીલાલ નાયીનું** તા. ૬-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વેડા** : સોસ્તર જુથના **ડાહીબેન ઈશ્વરલાલ નાયીનું** યુ.કે. ખાતે તા. ૨૧-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વિજાપુર** : સોસ્તર જુથના **તારાબેન કંચનલાલ વૈદ્યનું** તા. ૨૩-૪-૨૫ના રોજ અમેરિકા ખાતે અવસાન થયું છે.
* **વિજાપુર** : સોસ્તર જુથના **જયંતિલાલ (કનુભાઈ) કાંતિલાલ વૈદ્યનું** તા. ૧૬-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ભરૂચ** : **મનહર ડાહ્યાભાઈનું** તા. ૧૫-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **જનાલી** : બારેશી જથના જનાલી, તા. ભિલોડાના **ગોરધનભાઈ બેચરભાઈ નાયીનું** તા. ૧૫-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **મનુબર** (ભરૂચ) : **સંજયભાઈ કાંતિભાઈ લિંબાચીયાનું** તા. ૧૫-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **રંગાઈપુરા** (પેટલાદ) : **રમેશભાઈ બચુભાઈ દસાડીયાનું** તા. ૧૨-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **રીંછોલ** (હાલ નડીયાદ) : **બાબુભાઈ ભીખાભાઈ શર્માનું** તા. ૮-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **રૂપાલ** : અડાઠમજથના **રાજુભાઈ રમેશભાઈ નાયીનું** તા. ૧૪-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ગુંદીયા** : મોડાસીયા જથના ગુંદીયા, તા. તલોદ સાબરકાંઠાના **રાહુલ અરવિંદભાઈ શર્માનું** તા. ૧૩-૪-૨૫ના રોજ અકાળે નાની ઉંમરે અવસાન થયું છે.
* **લુવારા** : (મુંબઈ) **ચંપાબેન પરસોત્તમભાઈ હિરાણી** (વર્ષ ૧૦૮)નું તા. ૧૫-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **સજનપર** : **વાલજીભાઈ ભીમજીભાઈ ભલગામડીયાનું** તા. ૧૫-૪-૨૫ના રોજ અવસાન થયું છે.

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. યસિતભાઈ પરમાર (પિતા)**
**સ્વ. સ્મિત પરમાર (પુત્ર)**

જમ્મુ કાશ્મીરનાં પહેલગામમાં થયેલા આંતકી હુમલામાં ભાવનગર સ્થિત અને કાળીયાબીડ વિસ્તારમાં રહેતાં વાળંદ પરિવારનાં પિતા-પુત્રનું ગોળી વાગતા ઘટના સ્થળે મૃત્યુ થયેલ છે.

પ્રભુ સદગતની આત્માને શાંતિ પ્રદાન કરે ને પરિવાર પર આવી પડેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘ ઈશ્વર ચરણોમાં પ્રાર્થના કરે છે.

* **જામનગર** : **રાજેન્દ્રભાઈ જમનાદાસ ગોહિલનું** તા. ૧૬-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વડોદરા** : **પ્રકાશચંદ્ર રામલાલ કનોજીયાનું** તા. ૧૭-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **કૈયલા** : **કાંતિલાલ આત્મારામ નાયીનું** તા. ૧૫-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **મરાઠુ** : **રમેશભાઈ વિહાભાઈ નાયીનું** તા. ૧૮-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **ચાંગા** : **દિનાબેન અરવિંદભાઈ પારેખનું** ૧૭-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **વડોદરા** : **તૃપ્તીબેન બોની લિંબાચીયાનું** તા. ૪-૪-૨૫ના રોજ અવસાન થયું છે.
* **કંથરાવી**, હાલ સુરત : **પ્રવિણભાઈ અંબાલાલ લિંબાચીયાનું** તા. ૯-૪-૨૫ના રોજ અવસાન થયું છે.

**ઉપરોક્ત દિવંગત આત્માઓને પરમકૃપાળુ પરમાત્મા ચિરઃશાન્તિ અર્પે તેવી ગુજરાત વાળંદ સેવા સંઘની પ્રાર્થના.**

# શ્રદ્ધાંજલિ



## સ્વ. ચન્દ્રીકાબેન ગોવિંદભાઈ પારેખ

**જન્મ તારીખ : ૨૨-૮-૧૯૫૯ ● અવસાન તારીખ : ૧૬-૩-૨૦૨૫**

ચંન્દ્રીકાબેનનો જન્મ મારગીયા - વાસણા ગામમાં શારદાબેનની કૂખે તા. ૨૨-૮-૧૯૫૯ના રોજ થયેલો. પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરી પી.ટી.સી. પરીક્ષા પાસ કરી શિક્ષક તરીકે સેવા શરૂ કરી. તેમના લગ્ન વિસલપુરના શ્રી ગોવિંદભાઈ ભીખાભાઈ પારેખ સાથે ૧૯૮૩માં થયેલ. શરૂઆતથી સેવા પરાયણ અને શિક્ષણના હિમાયતી હોવાથી કુટુંબને શિક્ષિત કર્યા. તેઓ શિક્ષક અને ગોવિંદભાઈ એસ.બી.આઈ.માં નોકરી કરતા તેમના બંને બાળકોને સારૂ શિક્ષણ અને સંસ્કાર આપ્યા છે. તેમાંથી એક દિકરો પરદેશમાં ઓસ્ટ્રેલિયા તથા બીજો દિકરો યુ.કે.માં લંડનમાં સ્થાયી થયેલ છે.

ચંન્દ્રીકાબેન ભાવ ભકિતવાળા અને સેવાભાવી હતા તેથી ગોવિંદભાઈના કુટુંબને પણ શિક્ષિત કર્યા. તેમના દિયર જેઠ પણ એસ.બી.આઈ.માં છે. પાછળ લીલીવાડી મૂકી ગયા છે. અમો પ્રાર્થના કરીએ કે તેમના આત્માને પ્રભુ સદ્ગતિ અર્પે અને મોક્ષ પ્રદાન કરે.

## શ્રદ્ધાસુમન અર્પણ કર્તા સ્નેહીજનો

ગોવિંદભાઈ ભીખાભાઈ પારેખ (પતિ)
નિવૃત્ત (S.B.I.)

શ્રુતિબેન દિક્ષીતકુમાર (પુત્રવધૂ)(U.K.)

દિક્ષીતકુમાર ગોવિંદભાઈ (પુત્ર)(U.K.)

ઝલકબેન અર્પિતકુમાર (પુત્રવધૂ) (ઓસ્ટ્રેલિયા)

અર્પિતકુમાર ગોવિંદભાઈ (પુત્ર) (ઓસ્ટ્રેલિયા)

પૌત્રો : મૌર્ય, જ્યોમ, દવાયન

પ્રેષક : બાલુભાઈ બી. પારેખ (પ્રકાશક, વાળંદ વિકાસ)

**ગુજરાત વાળંદ સેવા સંઘ સદ્ગતનને શ્રદ્ધાંજલિ પાઠવે છે.**

Registered under R.N.I. No. 9377/1957. Permitted to post at Ahmedabad PSO
on 2nd day of every Month under Postal Registration No. GAMC-810/2025-2027
Dt. 12-12-2024 Valid upto 31-12-2027 issued by SSPO's Ahmedabad City Division

# લિંબાચીયા તેર સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજિત પંચદર્શિય કાર્યક્રમ



Printed & Published by
BALUBHAI BABABHAI PAREKH on behalf of
SHREE GUJARAT VALAND SEVA SANGH and
Printed at NAVPRABHAT PRINTING PRESS,
9, Punaji Industrial Estate, Dhobighat Cross
Road, Dudheswar, Ahmedabad-380004,
and Published from
VALAND VIKAS Karyalaya, Gulbai Tekra,
Opp. Pankaj Vidhyalaya, Ahmedabad-380006.
Editor - ARVINDBHAI S. VAIDYA